**કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, AHMEDABAD**

**સરનામુ:-** કલેકટર ઓફીસ અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, સુભાષ બ્રિજ સર્કલ, આશ્રમ રોડ, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૨૭

**ફોનઃ-** 27561970 **ફેક્ષ નંબર** 27552144

**Regd. Post**

**ઇ-મેઇલઃ-** chitnish-ahd@gujarat.gov.in

**હુકમ નંબરઃ-** CB/NA/AHMEDABAD/LAMBHA/526/999047/2019

**તારીખઃ-** 18/04/2019

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) અરજદારશ્રી Manubhai Bapubhai Dave ની તારીખઃ '28/12/2018' ની અરજી તથા તારીખઃ '25/12/2018' નું સોગંદનામુ.

(૨) મુંબઇ જમીન મહેસૂલ કાયદો ૧૮૭૯ ની કલમ- ૪૮,૬૫, ૬૬, તથા ૬૭.

(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ ના નિયમ-૮૧,૧૦૦, ૧૦૧, ૧૦૨.

(૪) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૧/૭/૦૮.

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા.૮/૫/૧૮.

(૬) નં. Revenue/999047/AHMEDABAD/VATVA/LAMBHA, તા 16/02/2019

(૭) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક તા.૧૬/૮/૧૮.

(૮) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૫/૧૨૦૯/ક તા. ૬/૯/૧૮.

<u>હુકમ:-</u>

વંચાણે લીધેલ ક્રમ-(૧) ની અરજી તથા સોગંદનામા થી અરજદારશ્રી Manubhai Bapubhai Dave , રહે B-42, Gaytri bungalows, Lambha Ahmedabad, Ahmadabad (Part), Ahmedabad City, Ahmedabad Gujarat INDIA એ મોજેઃ LAMBHA , તા VATVA જિ AHMEDABAD ના સર્વે નંબર 526 , ટીપી સ્કીમ નં 82 , એફપી નં 100p ના ક્ષેત્રફળઃ 1760.00 ચો.મી. પૈકી સબ પ્લોટ નં N.A. નું ક્ષેત્રફળ 1760.00 ચો.મી. જમીન અંગે મહેસૂલ કાયદાની હેઠળ બિનખેતી પરવાનગી મેળવવાની માંગણી કરેલ છે.

૨. સવાલવાળી જમીન અંગેના નમુના નં.૭-૧૨ કબજેદારની વિગત નીચે મુજબ છે.

| સર્વે નંબર/ બ્લોક નંબર/ રી-સર્વે નંબર | ટીપી સ્કીમ નંબર | ફા.પ્લોટ નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) | કબજેદારોના નામ |
|---|---|---|---|---|
| 526 / | 82 | 100p | 1760.00 | Manubhai Bapubhai Dave & Other |

૩. સવાલવાળી જમીન અંગેના રજુ થયેલ રેકર્ડ ની ચકાસણી કરતાં સદર જમીન હાલમાં જુની શરત સત્તાપ્રકારે ચાલતી આવે છે. તેમજ અરજદારે સોગંદનામામાં જાહેર કરેલ હકીકત તથા અન્ય આધાર પુરાવાઓ જોતાં મહેસુલી ટાઇટલ ક્લીયર હોવાનું જણાતું હોઇ, બીનખેતી પરવાનગી આપવામાં વાંધાસરખું જણાતું ન હોઇ, હુકમના વંચાણે લીધેલ ક્રમ નં. ૬માં જણાવેલ વિગતે અરજદારને રૂપાંતર કર, વિશેષધારો તથા અન્ય વેરાની રકમ સરકારશ્રીમાં ભરપાઇ કરવા ઓનલાઇન સિસ્ટમ દ્વારા તેઓને અરજીમાં દર્શાવેલ ઇલેકટ્રોનીક માધ્યમ દ્વારા ઓનલાઇન ચુકવણું કરવા જાણ કરતાં, નીચે જણાવેલ વિગતેની રકમ ઓનલાઇન સિસ્ટમ દ્વારા અરજદારે સરકારશ્રીમાં જમા કરાવેલ હોવાનું જણાય છે.

**બિનખેતી કરવાની થતી જમીનનું ક્ષેત્રફળઃ :** 1760.00

| ક્રમ | વિગત | રૂપાંતર કર/ બિનખેતી આકાર (દર ચો.મી.દીઠ) | વિગત | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ચલણ/પહોંચ નંબર-તારીખ | પેમેન્ટ ની તારીખ | રકમ રૂ. | રકમ ભરપાઇ કર્યાનું સ્થળ |
| 1 | Rupantar Kar | 1760.00 X 40.00 = 70400.00 | 100001049120 | 10/04/2019 | 70400.00 | ONLINE |
| 2 | Vishesh Dharo | 1760.00 X 0.60 = 1056.00 | 100001049120 | 10/04/2019 | 1056.00 | ONLINE |
| 3 | Local Fund | 1760.00 X 0.30 = 528.00 | 100001049120 | 10/04/2019 | 528.00 | ONLINE |
| 4 | Shikshan Upkar | 1760.00 X 0.15 = 264.00 | 100001049120 | 10/04/2019 | 264.00 | ONLINE |

Scanned with CamScanner

૪. ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં પેરા નં. ૨માં દર્શાવેલ જમીન સબંધે નીચે જણાવેલ શરતોને આધીન જમીન મહેસુલ કાયદા તથા હુકમ દીપેલ ક્રમ નં. ૪ તથા ૫માં દર્શાવેલ સરકારશ્રીના વખતો વખતના ઠરાવ તથા પરિપત્રમાં જણાવેલ જોગવાઇઓને આધીન મલ્ટીપરપઝ બીનખેતી પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

Regd. Post

**શરતોઃ-**

(૧) આ હુકમ મળ્યેથી બે માસમાં (પરંતુ અપીલ પીરીયડ પુરો થયા બાદ) "એમ" નમુનામાં સનદ કરી આપવી પડશે.

(૨) જીલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડની કચેરીમાં માપણી ફી જમા કરાવવાની રહેશે. જેથી માપણી કરી/કરાવી આ હુકમ આધારે તેમજ મંજુર થયેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું / કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકનો મહેસુલી દફતરે અમલ થયા બાદ જ પ્રશ્નવાળી બિનખેતીની જમીન/પ્લોટનું રજી.દસ્તાવેજથી થયેલ વેચાણ વ્યવહારના અમલ માટે નોંધ પાડવાની રહેશે.

(3). અરજદારે પ્રતિ વર્ષે ખેતી સિવાયનો ધારો (બિનખેતી દર) હેતુ માટે દર ચો.મી.ના પૈસા પ્રમાણે રૂ તેમજ નિયમ પ્રમાણે લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકર ભરવો પડશે જે અંગેનો દર વખતોવખત ફેરફારને પાત્ર રહેશે.

(૪) સંબંધિત નગરપાલિકા/ મહાનગરપાલિકા/શહેરી વિકાસ વિસ્તાર સત્તા મંડળ ધ્વારા મંજુર કરેલા પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે અને હુકમ થયા તારીખથી ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

(૫) આ હુકમ જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ તથા નિયમ-૧૦૦ ની જોગવાઇઓને આધારે કરેલ છે. તે સિવાય કબજેદારે અન્ય સંબંધિત કાયદાકીય પરવાનગી લેવાની થતી હશે તે તેમણે અલાયદી મેળવી લેવાની રહેશે.

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ નં.બખપ/૧૦૯૩/૧૦૫૨/ક તા.૧૩/૯/૯૩ માં ઠરાવ્યા મુજબ સહીયારા/કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની માલીકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલિકીની ગણાશે તે ઉપર મુળ માલિકનો કોઇ હકક રહેશે નહીં.

(૭) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૭/૮/૯૧ ના પરિપત્ર નં. બખપ-૧૦૯૧-૧૭૫૬-ક ની જોગવાઇ મુજબ બિન અધિકૃત બાંધકામ બાબતે બાંધકામ નિયંત્રણ કરતી સંબંધિત મહાનગરપાલિકા/શહેરી વિકાસ વિસ્તાર સત્તા મંડળએ ધોરણસરનાં પગલા લેવાના રહેશે.

(૮) સદર જમીનમાંથી પેટ્રોલીયમ/પાણીની કે અન્ય કોઇપણ પ્રકારની પાઇપલાઇન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરીટીએ સંબંધિતોનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૯) સરકારશ્રીનાં મહેસૂલ વિભાગનાં તા.૧/૭/૨૦૦૮ ના ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક માં જણાવેલ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

1. ડીસ્ટ્રીકટ ઇન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજુર કરાયેલ હોવો જોઇએ.
2. બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામનાં નકશા સક્ષમ અધિકારી પાસે મંજુર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજાચિઠ્ઠી મેળવી શકશે નહીં.
3. શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર થઇ ગઇ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનીંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.
4. મંજુર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીનાં નિકાલની જોગવાઇ કરવાની રહેશે.
5. અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.
6. ફલોર મીલ, સિનેમા/ટુરીંગ સિનેમા/થીયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
7. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
8. ઇન્ડીયન એક્ષપ્લોઝીવ એકટ અન્વયે મેંગેનીઝ, ફાયર વર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતા પહેલા જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
9. સવાલવાળી જમીન જો રેલવે હદની નજીક હોય તો રેલવેની હદથી (ત્રીસ)૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.
10. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વીજળી ગ્રીડના તાર/ હાઇટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.
11. બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કિ.મી. ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકમની ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવુ ના-વાંધા પ્રમાણપત્ર સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનુંપાલન કરવાનું રહેશે.
12. ઓ.એન.જી.સી. ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.
13. નર્મદા કેનાલ/અન્ય સિંચાઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.
14. અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (Protected Monuments) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રશ્નવાળી જમીનમાં નગરપાલિકા/મહાનગરપાલિકા/શહેરી વિકાસ વિસ્તાર સત્તા મંડળ ધ્વારા જે શરતોએ પરવાનગી આપવામાં આવશે તે શરતોનું પાલન તથા બાંધકામ કરવાનું રહેશે.

(૧૧) આ જમીનમાં વરસાદી પાણીના ભુગર્ભ વહન એટલે કે સંચય માટે દર મકાન/બહુમાળી મકાન દીઠ એકના દરે આ જમીનમાં ઉપર પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરીને બાંધકામ કરવાનું રહેશે.

Scanned with CamScanner

(૧૨) અરજદાર દ્વારા બિનખેતી પરવાનગીની માંગણીવાળી જમીનને નગરપાલિકાના હયાત રોડથી ઓછામાં ઓછા ૧૨ મી. નો. એપ્રોચ રોડ મળે છે તે મુજબની ... આપવાની રહેશે.

(૧૩) પ્રશ્નવાળી જમીનમાં સ્થળે થયેલ બાંધકામ સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમોનુસાર નહિ હોય તો સ્થાનિક સ્વરાજની સંસ્થા નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે. તેમાં આ હુકમથી બાધ આવશે નહીં.

અરજદારે ઉપરોકત શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

(૧૪) ઉપરની કોઇપણ શરતનો ભંગ થયેથી જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ મુજબ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ બીજી કોઇપણ શિક્ષાને પાત્ર હશે તો તેને બાધ આણ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો કબજેદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(૧૫) ઉપરોકત શરતોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલેકટરશ્રી સદરહુ હુકમ વિરૂધ્ધ બાંધેલ । અથવા વધારાના કોઇપણ મકાન અથવા ઈમલાને કલેકટરશ્રીએ આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમિયાન તેવી રીતે ખસેડવામાં ન આવે કે સુચવ્યા મુજબ ફેરફાર ન કરવામાં આવે તો તેમ કરવામાં જે ખર્ચ થાય તે કબજેદાર પાસેથી જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

(૧૬) આ પરવાનગી અરજદારે રજુ કરેલ વિગતોને આધારે આપવામાં આવેલ છે. રજુ થયેલ કોઇ વિગત ખોટી હોવાનું જાહેર થયેથી કે ઉપરની કોઇપણ શરતોનો ભંગ થયેથી આ પરવાનગી આપો આપ રદ થયેલી ગણાશે તથા સોગંદનામામાં દર્શાવેલ કાયદા હેઠળની જોગવાઇ હેઠળ પગલાં લેવાને પાત્ર રહેશે અને તત્કાલિન અમલમાં હોય તેવા બીજા કોઇપણ કાયદાની જોગવાઇઓના બાધ વિના ઇન્ડીયન પીનલ કોડ હેઠળ ફોજદારી ગુના માટે શિક્ષાત્મક પગલા લેવાને પાત્ર બનશે તથા જમીન મહેસુલ કાયદો તથા નિયમોની જોગવાઇ અનુસાર યોગ્ય તે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને બાંધકામ દુર કરવા કે સરકાર સંપ્રામ સહીતના એક કે વધુ પગલાં લેવાશે.

(૧૭) પ્રકરણે રજુ થયેલ ગામ નમુના નં. ૭/૧૨ના રેકર્ડે ચાલતાં ખાતેદારને તેણે ધારણ કરેલ હુકમમાં દર્શાવેલ જમીનમાં ફક્ત ખેતી સિવાયના ઉપયોગ કરવાની પરવાનગી આપતો સદર હુકમ કરેલ છે જેનાથી ટાઇટલ / માલિકીપણાના હક્ક પ્રસ્થાપિત થતાં નથી કે સદર હુકમથી આ કાયદો કે તેને અંતર્ગત નિયમો કે અન્ય કોઇ પ્રવર્તમાન કાયદા હેઠળ ચાલતાં કે ભવિષ્યમાં ઉપસ્થિત થનાર લીટીગેશનનો બાધ રહેશે નહીં.

(૧૮)પ્રકરણે રજુ થયેલ હકીકત । દસ્તાવેજી પુરાવાને આધારે પરવાનગી આપવામાં આવેલ છે. ભવિષ્યમાં કોઇ પુરાવો કે અન્ય કોઇ વિપરીત બાબત ધ્યાનમાં આવશે તો મુંબઇ જનરલ ક્લોઝીઝ એક્ટની જોગવાઇઓ હેઠળ આપમેળે સદર પરવાનગી રદ કરી શકાશે.

**વધુમાં, ઉપર્યુકત શરતોને આધિન અરજદાર ધ્વારા રજૂ થયેલ સોગંદનામાની વિગતોમાં તેઓ ધ્વારા જાહેર કરેલી હકીકતોને આધારે સવાલવાળી જમીનના બિનખેતી ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવે છે.**

**તારીખઃ- 18/04/2019**

**રવાના કરવા પ્રમાણિત**

જિલ્લા કલેકટર, અમદાવાદ વતી

**સહી/-**

(ડો. વિક્રાંત પાંડે)

**કલેકટર,** AHMEDABAD

જિલ્લા કલેક્ટર અમદાવાદ

**RPAD**

**પ્રતિ,**

૧. **અરજદારશ્રી** Manubhai Bapubhai Dave

રહે.B-42 , Gaytri bungalows, Lambha Ahmedabad, Ahmadabad (Part), Ahmedabad City, Ahmedabad Gujarat INDIA

નકલ રવાના.

**મામલતદારશ્રી.** Vatva

**જિલા જમીન નિરીક્ષકશ્રી** AHMEDABAD

**તલાટી કમ મન્ત્રીશ્રી.** Lambha

**સિલેકટ ફાઇલ**

**ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટરશ્રી, લેન્ડ રેકર્ડઝ, મોજણી ભવન, ભીમજીપુરા, નવા વાડજ, અમદાવાદ તરફ.**

**મ્યુનિસિપલ કમિશ્નરશ્રી (એસ્ટેટ) દાણાપીઠ, અમદાવાદ / મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડા, ઉસ્માનપુરા, અમદાવાદ તરફ.**

**ર/- જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારુ.**

**અત્રેના એ.ડી.એમ. દફતર તરફ.**

**ર/- રેકર્ડમાં જરૂરી નોંધ પાડવા સારુ.**

**અત્રેની રેકર્ડ શાખા તરફ.**

**ર/- જાણ તથા અરજદારની અરજી આવે પ્રમાણિત નકલ આપવા સારુ.**

Scanned with CamScanner

218/3

# -: જનરલ પાવર ઓફ એટર્ની :-

## શિવાન્તા ઇન્ફ્રા


**MAGANBHAI V. PATEL** MO. 9327013042

**MANISH M.PATEL** MO. 9979937077

**(ADVOCATES)**

**OFFICE:-**

4/A, SECOND FLOOR, POOJAN COMPLEX, OPP. KUNJ MALL, NR.SHUKAN CHAR RASTA, NIKOL, AHMEDABAD.


Scanned with CamScanner

NOTARY
S. A. JAIN
AHMEDABAD-DIST.
GUJARAT
REG. NO.: 5564
Expiry Date
17-3-2023
GOVERNMENT OF INDIA
NOTARIAL NOTARIAL

Sr. No.: 3/319 /2019

SUNIL A. JAIN
NOTARY
GOVT. OF INDIA

2 6 APR 2019

## -: જનરલ પાવર ઓફ એટર્ની :-

આથી અમો નીચે સહી કરનાર શિવાન્તા ઈન્ફ્રા એ નામની ભાગીદારીપેઢી વતી અને તરફથી તેના ભાગીદારો (૧) શ્રી હરીન મધુકરભાઇ વાસા ઉ.વ.આ.પુખ્તવયના, ધંધો : વેપાર, ધર્મ : હિન્દુ, રહેવાસી :- ૨/એ, ભાવિક કોમ્પલેક્ષ, બીએસએનએલ કોલોની પાસે, ગોડ ડોડ રોડ, સુરત. (૨) શ્રી મોહનલાલ ગોપાલદાસ સુલબાની ઉ.વ.આ.પુખ્તવયના, ધંધો : વેપાર, ધર્મ : હિન્દુ, રહેવાસી :- ડી-૫૭, ઓસમાન બંગ્લોઝ, શીલજ રેલ્વે કોસીગ પાસે, થલતેજ-શીલજ રોડ, અમદાવાદ (૩) શ્રી મુકેશભાઇ કાંતિભાઇ પટેલ ઉ.વ.આ.પુખ્તવયના, ધંધો : વેપાર, ધર્મ : હિન્દુ, રહેવાસી :- બી-૨૭, ગાયત્રી બંગ્લોઝ, બળીયાદેવ મંદીર પાસે, લાંભા, અમદાવાદ (૪) શ્રી દુલાભાઇ પરસોત્તમભાઇ ગોંધાણી ઉ.વ.આ.પુખ્તવયના, ધંધો : વેપાર, ધર્મ : હિન્દુ, રહેવાસી :- એ-૧૦, મુકિતધામ એપાર્ટમેન્ટ, નિકોલ, અમદાવાદ.(૫) શ્રીકપિલ જયસુખભાઇ સાવલીયાઉ.વ.આ.પુખ્તવયના, ધંધો : વેપાર, ધર્મ : હિન્દુ, રહેવાસી ૨૨, શિવાલય બંગ્લોઝ, નિકોલ, અમદાવાદ.(૬) શ્રી અપુર્વ જશવંતલાલ સંઘવી ઉ.વ.આ.પુખ્તવયના, ધંધો : વેપાર, ધર્મ : હિન્દુ,રહેવાસી :- બી-૧૦૧, શગુન પ્લાઝા, જજીસ બંગ્લોઝ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ.(૭) શ્રીમતી ફોરમ અપુર્વભાઇ

6500 8812326

Scanned with CamScanner

NOTARY
S. A. JAIN
AHMEDABAD DIST.
GUJARAT
REG. NO.: 5564
Expiry Date
17-3-2023
GOVERNMENT OF INDIA



સંઘવીઉ.વ.આ.પુખ્તવયના, ધંધો : વેપાર, ધર્મે : હિન્દુ,રહેવાસી :- બી-૧૦૧, શગુન પ્લાઝા, જજીસ બંગ્લોઝ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ.ના તે આથી લાગતા વગળતા સર્વેને જણાવીએ છીએ કે આ જનરલ પાવર ઓફ એર્ટનીથી ખાસ વિશ્વાસુ અને ભરોસોપાત્ર ભાગીદાર **શ્રી ધ્રુવ ખોડીદાસ પટેલ** ઉ.વ.આ.પુખ્તવયના, ધંધો : વેપાર, ધર્મે : હિન્દુ, રહેવાસી :- ૯, શિવાલય બંગ્લોઝ , વલ્લભ બંગ્લોઝની સામે, કુંજ મોલ પાસે, નવા નિકોલ, અમદાવાદનાને ભાગીદારીપેઢી વતી કાયદેસરની કાર્યવાહી કરવા અધિકૃત કરવામાં આવે છે. યાને કે કુલમુખત્યાર નીમીએ છીએ. જેથી ભાગીદારી પેઢીની માલીકી અને કબજા ભોગવટાની મીલકત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૧(અસલાલી) ના વટવા તાલુકાના મોજે લાંભા ગામની સીમના સર્વે નં.પ૨૬, ના ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૮૨ ના ફા.પ્લોટ નં.૧૦૦/૧ ની ૨૧૦૫ ચો.વાર બિનખેતી થયેલ જમીન અંગે કરવી પડતી જરૂરી કાર્યવાહી કરવા સારૂ ભાગીદારી પેઢીના તમામ ભાગીદારો વારંવાર એકી સાથે એક સ્થળે હાજર રહી કાર્યવાહી કરી શકશે તેમ ન હોઇ ભાગીદારીપેઢી વતી કાયદેસરની કાર્યવાહી કરવા ભાગીદારી પેઢીના માહિતગાર ભાગીદાર **શ્રી ધ્રુવ ખોડીદાસ પટેલ** ઉ.વ.આ. પુખ્તવયના, ધંધો : વેપાર, ધર્મે : હિન્દુ, રહેવાસી :- ૯, શિવાલય બંગ્લોઝ, વલ્લભ બંગ્લોઝની સામે, કુંજ મોલ પાસે, નવા નિકોલ, અમદાવાદ. ને અધિકૃત કરી ભાગીદારી પેઢીની બિનખેતીની જમીન અંગે કાયદેસરની કાર્યવાહી કરવાની સત્તા અને અધિકાર આપીએ છીએ.

<u>**કાર્યો (સત્તાઓ)**</u>

(૧) સદરહુ ભાગીદારી પેઢીની જમીન ડેવલપ કરવા અંગે જે કાંઇ કાયદા હેઠળ જે કાંઇ કામગીરીઓ કરાવવી પડે તે તે તમામ અમારા વતી અને તરફથી અમારા મુખત્યારે કરવી, કરાવવી તેમજ પેઢીની બિનખેતીની જમીનો અંગે જરૂરી પરમીશનો, મંજુરીઓ લેવા, મેળવવા અંગેની તમામ જાતની કામગીરી કરવી, કરાવવી તેમજ તે અંગે પુરાવા એફીડેવીટ, બોન્ડ, ડેકલેરેશન, નિવેદન કરવા તથા રજુ કરવા તેમજ તેના અંગેની નાણાકીય લેવડ-દેવડ કરવી પહોચ, પાવતીઓ લેવી અને આપવી તેમજ તેવી બિનખેતીની જમીનમાં ડેવલપ કરી બાંધકામ કરવુ તે અંગે પ્લાનો તૈયાર કરાવવા તથા તેવા પ્લાનો તૈયાર કરી જે

Scanned with CamScanner

તે ઓથોરીટી સમક્ષ રજુ કરી મંજુર કરાવવા તેમજ સદરહુ જમીનમાં સ્કીમ યા મંડળીનુ આયોજન કરવુ તેમજ તે અંગે જાહેરાતો કરવી, બોર્ડ મુકવા તેમજ સભ્યો નોધવા, તેમજ સદર બાંધકામ/યોજના પરીપુર્ણ કરવા અંગે તમામ જાતની કામગીરીઓ કાર્યવાહીઓ કરવી તેમજ તે અંગે તમામ પ્રકારના કામકાજો પરીપુર્ણ કરવા બધા ભાગીદારો પૈકી ધ્રુવ ખોડીદાસ પટેલ ની સહીથી કરી શકાશે.

(૨) સદરહુ ભાગીદારી પઢીની બિનખેતી જમીન તથા મીલકતો તે પરત્વેના અમો ભાગીદારોના પોષાતા આવેલા તમામ હકક, હિત, અધિકારો, બાબતે દિવાની રાહે તેમજ સંપાદન ધારા રાહે કે પ્રવર્તમાન કાયદા કાનુન અનુસાર અમલમાં આવે તે અનુસાર કોઇપણ સરકારી, અર્ધસરકારી રાહે કે શખ્સ કે સંસ્થા સાથે ભારતભરની કોઇપણ કોર્ટ, કચેરીમાં કે રેવન્યુ ઓથોરીટી સમક્ષ કોઇપણ જાતના લીટીગેશન કે પ્રોસીડીગ થાય અગર તો કરવા, કરાવવા પડે તે તે તમામ કરવા, કરાવવા તેમજ જરૂર પડે વકીલ પ્લીડર કે રેવન્યુ એજન્ટ ની નિમણુક કરવી વકીલાતનામામાં સહીઓ કરવી તેમજ થયેલ કે કરવી પડતી કાનુની કાર્યવાહી અંગે રૂબરૂમાં હાજર રહીને સહીઓ કરવી જવાબો આપવા, કબુલાતો આપવી, ઉલટ તપાસ કરવી, પુરાવા રજુ કરવા, બચાવ કરવો, દાવાદુવી માંડવાળ કરવા, આગળ ચલાવવા, પાછા ખેંચવા, સમાધાન કરવુ, તે અંગે અફીડેવીટ, બોન્ડ, ડેકલેરેશન, નિવેદન કરવા તેમજ તેને આનુસંગીક તમામ જાતની કામગીરીઓ કરવી, કરાવાવી તથા પરીપુર્ણ કરવી.

(૩) સદરહુ ભાગીદારી પેઢીની બિનખેતી જમીન તથા તેમાં આવેલ યોજના યુનિટોમાં નળ, ગટર તેમજ ઇલેકટ્રીક લાઇનના નવા કનેકશનો લેવા, મેળવવા, અંગે તેમજ તે અંગે યુ.જી.વી.એલ./ટોરેન્ટ પાવર ઓફીસોમાં, વીજ કંપનીના ઓથોરીટી સમક્ષ હાજર થવુ અરજી કરવી તે અંગે નાણાકીય લેવડ-દેવડ કરવી, પહોચ, પવતીઓ આપવી તેમજ તે અંગે તમામ જાતની કાર્ય, કાર્યવાહીઓ કરવી, કરાવવી તથા પરીપુર્ણ કરવા બધા ભાગીદારો પૈકી ધ્રુવ ખોડીદાસ પટેલની સહીથી કરી શકાશે.

Scanned with CamScanner

N
S. A. JAIN
AHMEDABAD-DIST.
GUJARAT
REG. NO.: 5564
Expiry Date
17-3-2023
GOVERNMENT OF INDIA



ભાગીદારી પેઢીની જમીનો/મીલકતોના તમામ પ્રકારના રાઇટસ ટાઇટલ ચોખ્ખા માર્કેટેબલ બોજારહીત સેલબલ કરવા તમામ કાર્યવાહી કરી તે અંગે વકીલ કે સોલીસીટર્સ ની નિમણુક કરવી ટાઇટલ સર્ટીફીકેટ મેળવો તેમજ તે આનુસંગિક તમામ જાતની કાર્યવાહીઓ અને કામકાજો કરવા.

(૫) સદરહુ ભાગીદારી પેઢીની બિનખેતીની જમીન તથા તેમા મુકવામાં આવેલ યોજના યુનિટોના બાંધકામ સહીત વેચાણ ટ્રાન્સફર તબદીલી કરવી તેમજ તેવી મીલકતો અંગે લેખો, લખાણો, દસ્તાવેજો, કરારો કરવા, કરાવવા, લખવા તથા તે અંગે સ્ટેમ્પ ખરીદવાં, રીફંડ મેળવવુ તેમજ તેવા લેખો, લખાણોમાં સહીઓ કરવી તેમજ સદર લેખો, લખાણો રજીસ્ટ્રેશન એકટ તેમજ સ્ટેમ્પ એકટ મુજબ પરીપુર્ણ કરવા તથા તેવા લેખો, લખાણો સબ રજીસ્ટ્રાર કચેરીમાં જે તે ઓથોરીટી સમક્ષ રજુ કરવા, તેમજ તે અંગે જરૂરી સહીઓ કરવી, મત્તા કરવા, સંમતી આપવી તેમજ સદર ભાગીદારીપેઢીની મીલકતો/યુનિટો ની તબદીલ બાબતે તમામ કાર્યવાહીઓ કરવી, કરાવવી તેમજ યુનિટોના દસ્તાવેજો મુજબ માલીકી હકકમાં ફેરફાર કરાવવો તેમજ તે અંગે જરૂરી સહીઓ, સાક્ષીઓ આપવી, ૧૩૫-ડી ની નોટીસો લેવી તથા વાંધા લેવા, જવાબો આપવા તેમજ તલાટી કમ મંત્રીશ્રી/સર્કલ ઓફીસર/ મામલતદારશ્રી વિગેરે અધિકારી સમક્ષ હાજર થવા તથા તે અંગે જરૂરી તમામ કાર્યવાહી કરવી, કરાવવી.

(૬) અમારા મુખત્યારશ્રી સદરહુ પેઢીના અમો ભાગીદારો વતી વહીવટ કરી શકશે તેમજ સદરહુ પેઢીના ધંધા અંગે જમીન/મીલકતો ખરીદ વેચાણ કરવા તેમજ પેઢીને લગતી તમામ કાર્યવાહીઓ કરવા સારૂ સત્તા અને અધિકાર આપીએ છીએ.

(૭) અમારી સદરહુ ભાગીદારી પેઢીના અમો ભાગીદાર વતી પેઢીના નામથી બેંકોમાં ખાતા ખોલાવવા, તેવા ખોલાવેલ ખાતાઓ ઓપરેટ કરવા, ચેકબુક મેળવવા, ટ્રાન્સફર કરવા તથા ખાતા બંધ કરવા અને તે અંગેના તમામ આનુસંગીક કાર્યો કરવા, કરાવવા બધા ભાગીદારો પૈકી ધ્રુવ ખોડીદાસ પટેલ ની સહીથી કરી શકાશે.

Scanned with CamScanner

(૮) અમારી ભાગીદારી પેઢીના અમો ભાગીદારો વતી અને તરફથી સદરહુ પેઢીના કામકાજ અંગે તથા પેઢીના મીલકત અંગેના કાર્યો જેવા કે વેટ ટેક્ષ, સેન્ટ્રલ ટેક્ષ, ગ્રામ પંચાયત/મ્યુનિસિપલ કોર્પોરેશન, ટોરેન્ટ પાવર લી., ઓકટ્રોય, પોસ્ટલ, વીમા કંપની, વ્યવસાયવેરા, સર્વિસટેક્ષ, એકસાઇઝ, ગુમાસ્તાધારા વિગેરે કચેરીઓમાં તેમજ કોઇપણ સ્થાનીક સંસ્થા, રાજય સરકાર તથા કેન્દ્ર સરકારના સત્તાધિશો સમક્ષ હાજર રહી જરૂરી કાર્યવાહીઓ કરવી, કરાવવી તથા તે અંગે જે કોઇ કાયદેસર લખાણો, કરારો, સ્ટેટમેન્ટો, ડેકલેરેશન કે બાંહેધરી કે ઇન્ડેમ્નીટી બોન્ડ વિગેરે આપવા તેમજ જરૂર પડે સરકારશ્રીના કોઇ સક્ષમ અધિકારી સમક્ષ કે સરકારશ્રીએ નિયુકત કરેલ ઓથોન્ટીકેટેડ પદાધિકારી કે નોટરી સમક્ષ સોગંદનામુ કરવા કે કબુલાત આપવા રૂબરૂ સહી સિકકા કરી રજીસ્ટાર કરવા સત્તા અને અધિકાર આપવામાં આવે છે.

(૯) સદરહુ મીલકત બાબતે રોડ કપાત કે એકવાયર કે રીઝર્વેશન કે સંપાદન ધારા હેઠળ કાર્યવાહીઓ થાય અગર તો કરવી, કરાવવી પડે તે તમામ કરવા, તેમજ તેનાં અંગે જરૂરી સહીઓ કરવી, સેટ ઓફ મેળવવુ, દાવાદુવી કરવા, તેમજ સદરહુ જમીન ધી અર્બન લેન્ડ સીલીગ એન્ડ રેગ્યુલેશન એકટ તથા ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ રેવન્યુ એકટ તથા એકત્રીકરણ ધારા ટેનન્સી એકટ મુજબ કરવી પડતી તમામ જાતની કામગીરીઓ કરવી, કરાવવી તેમજ તેને આનુસંગીક તમામ જાતની કાર્ય કાર્યવાહીઓ અને કામકાજો કરવા.

(૧૦) સદરહુ ભાગીદારીપેઢીના નામે જમીન/મીલકતો ખરીદવા તેમજ તે અંગે જરૂરી કાર્યવાહી કરી વેચાણ દસ્તાવેજ કરવા તેમજ પેઢીના નામે વેચાણ થયેલ મીલકતોની ૧૩૫-ડી ની નોટીસ લેવા, તથા તેમાં સંમતી આપવા તેમજ તે અંગે જરૂરી સહીઓ, સાક્ષીઓ આપવી તથા વાંધા લેવા, જવાબો આપવા તેમજ તલાટી કમ મંત્રી/સર્કલ ઇન્સપેકટર/મામલતદારશ્રી તથા અન્ય તમામ અધિકારીઓ સમક્ષ હાજર થવા તથા તે અંગે જરૂરી તમામ કાર્યવાહીઓ કરવા કરાવવા આથી તમામ સત્તા અને અધિકારો આપીએ છીએ.

Scanned with CamScanner

NOTARY
S. A. JAIN
AHMEDABAD-DIST.
GUJARAT
REG. NO. : 5564
Expiry Date
17-3-2023
GOVERNMENT OF INDIA



(૧૧) ટુંકમાં અમારી ઉપરોક્ત ભાગીદારી પેઢી બાબતે અમો પાવર આપનાર જાતે રૂબરૂમાં હાજર રહીને જે કાંઇ કાર્ય, કાર્યવાહીઓ વિગેરે કરાવી શકીએ અને અમો પાવર આપનારે જે કાંઇ કરવા, કરાવવા તથા પાવર ઓફ એટર્નીમાં ભુલથી લખવાની રહી ગયેલ હોય તેવી તમામ કાર્ય, કાર્યવાહીઓ કરવા અમો પાવર આપનારના મુખત્યારશ્રીએ કરવી, કરાવવી અને અમારા મુખત્યાર સદર ભાગીદારી પેઢી અંગે જે કાંઇ કાર્ય, કાર્યવાહીઓ કરશે, કરાવશે તે અમો પાવર આપનારે પોતે જાતે રૂબરૂમાં હાજર રહીને કરેલ છે તેમ ગણાશે અને અમોને બંધનકર્તા રહેશે.

(૧૨) અમારા મુખત્યારશ્રી સદરહુ મિલકતનો કબજો રાખી શકશે નહીકે કોઇ જાત નો અવેજ લઇ શકશે નથી.

આ પાવર ઓફ એટર્નીનો લેખ અમો પાવર આપનારે અમારી રાજીખુશી તથા અકકલ હોશીયારીથી વાંચી, સમજી, વિચારી બિનકેફે મુકત સંમતીથી કરેલ છે. તે અમોને તથા અમારા વંશ, વાલી વારસો વિગેરે તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે ઉપર લખ્યુ તે સહી છે.

આજરોજ તારીખ 26 APR 2019 .......... સને ૨૦૧૯ ના દીને શહેર અમદાવાદ મધ્યે કરેલ છે.

**પાવર આપનારની સહી**
**શિવાન્તા ઇન્ફ્રા એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો**

..........................................
(શ્રી હરીન મધુકરભાઇ વાસા)



(શ્રી મોહનલાલ ગોપાલદાસ ગુલાબાની)

(શ્રી મુકેશ કાંતિભાઈ પટેલ)

(શ્રી દુલાભાઈ પરસોત્તમભાઈ ગોંધાણી)

(શ્રી કપિલ જયસુખભાઈ સાવલીયા)

Scanned with CamScanner

NOTARY S. A. JAIN AHMEDABAD-DIST. GUJARAT REG. NO.: 5564 Expiry Date 17-3-2023 GOVERNMENT OF INDIA

A. J. Sanghavi

(શ્રી અપુર્વ જશવંતલાલ સંઘવી)

F. A. Sanghavi

(શ્રીમતી ફોરમ અપુર્વભાઇ સંઘવી)

પાવર સ્વીકારનાર

શિવાન્તા ઈન્ફ્રા એ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર

IDENTIFIED BY ME
K.M. Patel
ADVOCATE
NAME ... K.M. Patel
SANAD NO. G/



(શ્રી ધ્રુવ ખોડીદાસ પટેલ)

BEFORE ME
SUNIL A. JAIN
NOTARY
GOVT. OF INDIA
26 APR 2019

NOTARY S. A. JAIN AHMEDABAD-DIST. GUJARAT REG. NO.: 5564 Expiry Date 17-3-2023 GOVERNMENT OF INDIA